Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ




વીરસં. ૨૪૯૪
વિ. સં. ૨૦૨૪
ઇ. સ. ૧૯૬૮

મહા–ફાગણ

પુસ્તક ૮૪ મું
અંક ૪–૫
૫ ફેબ્રુઆરી


(११५) इइ इत्तरियम्मि आउए, जीवियए बहुपच्चवायए।
विहुणाहि रयं पुरेकडं, समयं गोयम ! मा पमायए ॥ ३ ॥

૧૧૫. આયુષ્ય એ પ્રમાણે ક્ષણભંગુર છે, જીવન વિઘ્નોથી ભરેલું છે, માટે આગલા સંચિત થએલા કુસંસ્કારોની રજને–મેલને ખંખેરી નાખવાનો જ પ્રયત્ન કર. હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૮૪ મુ : : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો-લેખાંક : ૨૯ .... | (સ્વ. મૌક્તિક) | ૨૫ |
| ૨ | જપ અને ધ્યાન : (લેખાંક ૧૪) .... | (દીપચંદ જીવણલાલ શાહ) | ૨૯ |
| ૩ | લલિતવિસ્તરાકાર અને ચૈત્યવન્દનનાં સૂત્રો | (શ્રી હીરાલાલ ર. કાપડીઆ) | ૩૨ |
| ૪ | સ્વાધ્યાય .... .... .... | (શાહ ચતુર્ભુજ જેચંદ) | ૩૪ |
| ૫ | સમાચાર .... .... .... .... .... | ટા. પે. | ૩ |


# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો સુવર્ણ મહોત્સવ—મુંબઇ

યુગદ્રષ્ટા આચાર્ય વિજયવલ્લભસૂરિજી મહારાજના અમર સ્મારકરૂપ મુંબઇના શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો સુવર્ણ મહોત્સવ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહના પ્રમુખપદે યોજાયો હતો. આ સમારંભમાં સંસ્થાની અર્ધસદીની ગૌરવભરી સફળતા અને શ્રી સંઘના ઉમળકાભર્યા સહકારની યાદ આપતા અને સંસ્થાને ભવિષ્યમાં પણ વધુ અને વધુ સહાય આપવાનો અનુરોધ કરતા પ્રવચનો થયા હતા અને ઓલ્ડ બોયઝ યુનિયને તૈયાર કરેલ પૂર્વ વિદ્યાર્થીઓની માહિતી આપતી ડીરેકટરીનું સંસ્થાના પ્રથમ વિદ્યાર્થી શ્રી ઓધવજી ધનજીભાઇ શાહના હસ્તે પ્રકાશન થયું હતું અને જૈન ધર્મ અને સંસ્કૃતિના વિવિધ વિષયોની લેખસામગ્રીથી સમૃદ્ધ સચિત્ર સુવર્ણ મહોત્સવ ગ્રંથનું પ્રકાશન શ્રી ગોવર્ધન ડી. પારીખ, રેકટર, મુંબઇ યુનિવર્સીટીના હસ્તે થયું હતું.

સમારંભના પ્રમુખસ્થાનેથી પ્રવચન કરતાં શ્રી માણેકલાલ ચુનીલાલ શાહે જણાવ્યું હતું કે, ભગવાને વિકાસના અમોઘ સાધન તરીકે જ્ઞાન અને ક્રિયાનું સમાન ભાવે આરાધન કરવાનું કહ્યું છે અને સાચું જ્ઞાન હોય તો જ સાચી ક્રિયા થઇ શકે એટલા માટે જ્ઞાનને અગ્રસ્થાન આપ્યું છે. 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ જ્ઞાનની નાની સરખી પરબ છે.'

ઉચ્ચ શિક્ષણનો પ્રચાર કરીને જૈન સમાજને સુખી, શક્તિશાળી અને સમૃદ્ધ બનાવવામાં વિદ્યાલયે અર્ધી સદીની યશસ્વી કામગીરી બજાવી છે. આ પ્રસંગે જૈન સંઘોને નમ્રતાપૂર્વક અનુરોધ કરવાનું ઉચિત સમજું છું કે, તે દરેક પ્રકારની આર્થીક સગવડો ઉભી કરે અને શિક્ષણ સંસ્થાઓને પગભર અને શક્તિશાળી બનાવે.

સંસ્થા માટે રૂપિયા પચ્ચીસ લાખની માતબર રકમ એકઠી કરવા બદલ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહે સંસ્થાના મહામંત્રીઓ સર્વશ્રી ચંદુલાલ શાહ, મનુભાઇ કાપડીયા, જયંતીલાલ રતનચંદ શાહ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી યુનિયનના પ્રમુખ શ્રી બાલચંદ ગાંડાલાલ દોશી અને બીજા કાર્યકરોને અભિનંદન આપ્યા હતા.

મહામંત્રીઓએ તેમના નિવેદનમાં સંસ્થાને સમાજ તરફથી વધુ સહાય મળે તે માટે અપીલ કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૪ મું
અંક ૪-૫

મહા-ફાગણ

વીર સં. ૨૪૯૪
વિક્રમ સં. ૨૦૨૪

## શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૩ જો :: લેખાંક ૨૯

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

તેમના રહેવાના સ્થાનના પહેરગીરને પણ હુકમ હતો કે ગમે તે માણસ મુકામમાં રાતે પ્રવેશ કરી પોતાને જગાડી શકે. આવા પરોપકારમાં તેઓ માનતા હતા અને તે માતપિતા ખાતર જ તેઓ સંસારમાં રહ્યા હતા એમ તેઓ પોતાનાં વ્યવહાર અને વર્તનથી બતાવી રહ્યાં હતાં. કોઇ પ્રકારની પારકી વાત ન કરવી અને નકામો એક શબ્દ પણ બોલવો જ નહિ એવો વાણી સંયમ તેઓ જાળવી શકયા હતા અને બાળવયથી તેઓ આવી રીતે સંયમ રાખી રહ્યા હતા અને પરોપકાર પરાયણ હતા તે વાતથી તેઓના સંબંધમાં લોકમત ઘણો ઊંચો રહ્યો હતો.

રાજાના દીકરા અને આવકે પૂરા તેવું હોવા છતાં તેઓ આવા પ્રકારનાં ઉચ્ચ સંયમી રહી શકયા હતા અને જેનાં તેનાં ગમે તે પ્રકારનાં કામ કરવા તત્પર હતા. તે વાત તેમના સંબંધમાં કૃત્યથી જાણીતી થયેલી હતી અને અનેક માણસો તેમની આ વલણનો લાભ લઈ રહ્યા હતા. રાજપુત્રો તે વખતે ગમે તેવા દુર્વ્યસનમાં પડી જતા હતા અને પોતાની જાતને નિરકુંશ માનતા હતા. યૌવન, સંપત્તિ પ્રભુતા અને અવિવેક એ ચારેનો સહયોગ થાય ત્યારે પછી પરાધીનતા ન હોવાને કારણે માણસ સર્વ જાતના કુફંદમાં પડી જાય છે, તેથી તદ્દન ઊલટું જ વર્તન વર્ધમાનનું જાણી લોકો બહુ રાજી થતા હતા અને રાજકુમારના આ ગુણો જાણી ફટાયા તરીકે તેઓ પણ મગરૂબ બનતા હતા અને જનરાજ્ય હોવાથી આ ગુણો ખાસ આવિર્ભાવને પામ્યા હતા અને લોકો તેની કદર કરતા હતા.

તેઓ તો રાતે સૂતી વખત અને સવારે ઊઠતી વખત પ્રાણીનું ભલું જ ઈચ્છતા હતા. અને તેવા ભલામાં જો પોતાનો કાંઈ ફાળો આપે તો લોકોનું કલ્યાણ થઈ જાય તેમાં વર્ધમાન રસ લેતા હતા અને રાત્રે કરેલી ભાવના સવારે ઊઠતી વખતે મજબૂત કરતા હતા અને પ્રાણીઓના દુઃખ દર્દ ઓછાં થાય તેની નિરંતર ચિંતવના કરતા હતા. આથી કોઈ પણ પ્રાણી તેમની કોઇ પ્રકારની સહાય માગવા આવે ત્યારે ખૂબ જ રાજી થતાં અને આવા માણસો તો લાગ્યા જ છે એવો કદી વિચાર ન કરતા તેઓના દ્વાર તેવા પ્રકારના માણસો માટે સદૈવ ઉઘાડા જ રહેતા અને વર્ધમાનકુમાર આવા પ્રકારના છે એવી તેમની જાહેરમાં પ્રશંસા થતી હતી. તેઓની આ ઓછા બોલવાની અને પરોપકાર કરવાની રીતિ અન્ય પ્રદેશોમાં પણ જાણીતી થઇ ગઈ હતી અને માણસ મોટી વયે તો એવો થઈ શકે છે, કારણ કે મિલકત હાથમાંથી ચાલી જતી હોય ત્યારે તેનું રોકાણ વૃદ્ધ પુરૂષો તો આ રીતે કરે છે અને તેવા તો કેટલાક દાખલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ બન્યા હતા, પણ યુવાન માણસ આટલો પરોપકારી થઈ શકે છે એ વાતનું પ્રજાને ગૌરવ હતું અને મહાવીરનું તે પ્રકારનું જીવન અનુકરણીય હતું. આ મિલકત અંતે તો બધી અહીં મૂકી જવાની છે અને જેટલો તેનો પરોપકારમાં ઉપયોગ થાય તેટલી જ ખરેખર તો પોતાની મિલકત છે, પણ આ બુદ્ધિ મોટી વયે આવે અને તેમાં જરા સ્વાર્થ જેવું પણ દેખાય છે, પણ યુવાન વયમાં આવી બુદ્ધિ રહેવી એ ઘણી મુશ્કેલ વાત છે અને તેથી તે વધારે પ્રશંસાને યોગ્ય છે. વૈશાલીના જન-રાજ્યમાં વસતા એક ઊછરતા યુવકની આવી સરસ વૃત્તિ છે એ વાત જાણીતી થઈ ગઈ અને અનેક માણસોએ તેનો પોતપોતાની જરૂરિયાત પ્રમાણે લાભ પણ સારી રીતે લીધો.

પોતાની લક્ષ્મીનો પોતાને હાથે જ સદુપયોગ પોતાના જીવનમાં કરવો તે જ સાચો લક્ષ્મી પામવાનો અર્થ છે. જે પુત્રને મોટો વારસો આપી જાય છે તે પુત્રના દુશ્મન છે અને સમાજના દ્રોહી છે. પુત્ર જાણે નમાલા કે માંદી વાળેલ થવાના છે તે માટેના સર્વ પ્રયત્નો છે અને તે બધી રીતે નકામા નીવડે છે. પુત્રમાં હુશિયારી કે આવડત હોય તો તેને વારસો આપી જવાની કાંઈ પણ જરૂર નથી અને તે નમાલો હોય અથવા તેઓ સર્વ નમાલા હોય તો તેને વારસો આપી જવો નકામો છે, કારણકે તેવા નમાલા વારસો જાળવી કે ટકાવી શકતા નથી. અંતે તે વારસો હોય તો પણ તેને તેઓ કોઈપણ રીતે ખોઈ બેસે છે. આથી વારસો આપી જવાનો વિચાર કરવો નકામો છે, અવ્યવહારૂ છે, બીનજરૂરી છે, પોતાને હાથે બને તેટલો પૈસાનો વ્યય કરવો અને બને તેટલો વ્યય પરોપકારમાં કરવો એ જ તેટલા માટે સાચી મુડી છે અને સાથે તે જ આવે છે. બહુ નાની વયમાં વર્ધમાને આ ધનની અસ્થિરતા જાણી સદુપયોગ કરી લીધો તે વાત તેટલા માટે ખાસ નોંધવા લાયક છે.

રાજ્યાધિકારે મહાવીરને જરા પણ અભિમાની ન બનાવ્યા. એ તો જેમ અધિકારમાં આગળ વધતા ગયા તેમ વધારે નમ્ર અને પરહિત કરનાર તેમજ પરોપકારી થતા ગયા અને જેમ નવા વરસાદ અથવા વાદળાંથી આકાશ નીચું આવે છે તેમ તે પોતાની સમૃદ્ધિથી અનુદ્ધત રહ્યા નહિ. તેઓના સંસ્કાર જ આ ઉદ્ધતાઈથી દૂર હતા અને તેઓનું વલણ પણ એકમાર્ગી હતું. તેઓ કદી ગર્વવચન બોલ્યા નહિ અને જે ભૂલ મરીચિના ભવમાં કરી હતી તે આ જીવન પુનઃ ન કરી એટલે તેઓ કદી ગર્વવચન બોલ્યા નહિ અને સાદાઈમાં જ શોભા માનતા રહ્યા. યુવાનવયમાં આવા વૃદ્ધને છાજતા ગુણો જોઈ લોકો બહુ રાજી થતા અને તેના જેવા થતા અનેક પુત્ર-પુત્રીઓને દાખલો આપતા. આ રીતે વર્દ્ધમાનકુમાર દાખલો લેવા લાયક બની ગયા હતા અને ચતુર હોવાથી આ વાત તેઓ જાણતા હતા, છતાં તેવા પોતે હોવું એને પોતાની ફરજ જ સમજતા અને તેથી આ સર્વ ગુણો તેમનામાં સ્વાભાવિક રીતે વિકાસ પામી રહ્યા હતા. તેઓની ગુણપ્રાપ્તિમાં માતા-પિતા તથા મોટાભાઈ નંદિવર્ધન મદદ કરી રહ્યા હતા અને કદી તેને પાછા ન પાડતા અને તું તે નાને મોઢે એવી વાત શું કરે છે એવી ટીકા કરી એમની ગુણપ્રાપ્તિમાં વિઘ્ન નાખતા નહોતા. આથી વડીલવર્ગના સંતોષ અને પ્રજાના વખાણથી તેઓ ગુણપ્રાપ્તિમાં વધારો કરતા રહ્યા અને લઘુવયમાં એક દાખલો લેવા લાયક ગૃહસ્થ બન્યા-આવી બાબતમાં દાખલાઓ ઘરડા માણસોના લેવાય છે. પણ વર્ધમાન તો યુવાન વયે નાની ઉમરમાં દાખલો લેવા લાયક બની ગયા અને લોકોએ તેમનો દાખલો લીધો પણ ખરો. મહાવીરની આ પ્રતિષ્ઠા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામેગામ પ્રસરી અને લઘુવયમાં આવા સુંદર ચારિત્રવાન તથા ઉદાર થઇ શકાય છે તેમ તેમણે બતાવી આપ્યું.

ઉદારતાના સંબંધમાં તો વર્ધમાનકુમાર એટલા આગળ વધી ગયા હતા કે કોઈ પણ માગનાર એમને ત્યાં આવીને ખાલી હાથે પાછો જતો જ નહીં અને તેમણે આ ઉદારતાનો ગુણ રાજ્યાધિકારને અંગે પણ બતાવ્યો. તેઓના વહીવટમાં ઉદારતાનો ગુણ તેમના પ્રત્યેક કાર્યને અંગે જણાઇ આવતો. એ તો જણાવવાની પણ ભાગ્યે જ તેમણે પોતાના હાથ માગણી કરવા માટે કદી લંબાવ્યો જ નથી અને દીક્ષા લેવા પર્યંત આપ્યા જ કર્યું છે અને આ તેમની હૃદયની વિશાળતા જાણીતી થઈ ચૂકી હતી અને તેની હવા દૂર દેશમાં પણ પહોંચી વળી હતી. એને કારણે અનેક માગણો મદદના ઇચ્છકો અને દાન લેનારની એક મોટી ફોજ તેમના આગણાં પાસે હાજરને હાજર રહેતી હતી અને સવારના પહોરમાં તેની સંખ્યા ઘણી મોટી બની મોટી જાણે લશ્કરની ફોજ જેવી દેખાતી હતી. દરેક ઇચ્છકની ઇચ્છા પૂરી પાડવા વર્ધમાનકુમાર તૈયાર રહેતા અને સલાહ તેમ જ સહાયથી દરેક આવેલનો સત્કાર કરતા હતા. તેઓ દાન આપવામાં કોઇ પ્રકારનો આભાર કરે છે, એમ તેઓને કદી લાગતું ન હતું અને દરેક દીન તથા વાંછકની ઇચ્છા પૂરી કરવાની પોતાની ફરજ વિચારી રહ્યા હતા. તેઓનો આ દાન ગુણ લોકોમાં અને દેશપરદેશમાં જાણીતો થઇ ગયેલો હોઇ તેવા દાન લેનાર અથવા કોઇ પ્રકારના ઇચ્છકથી ભરપૂર રહેતો હતો. અને શિયળને અંગે તેઓએ પરસ્ત્રી સામે તો નજર પણ કરી નહોતી અને એક પરિણિતા પ્રિયદર્શના સિવાય સર્વ સ્ત્રીઓને તેઓ માબેન જ ગણતા હતા. તેઓ કોઇ પણ સ્ત્રી સામે નજર મેલાવી વાત કરતા નહિ અને તેના ગુણદોષની વાતો કદી કરતા નહિ.

અને બને ત્યારે ઉપવાસ કે એકાસણાં કરતાં. તેઓ સમજમાં આવ્યા ત્યારથી તપનો મહિમા અને મનુષ્યપર તેની થતી અસર બતાવતા રહ્યા હતા અને તે પોતાના દાખલામાં જાતે જીવી બતાવતા હતા. મોટી તીથિએ તો તેઓ પૌષધ કરતા અને તેમના સર્વ પૌષધો ઉપવાસના જ હતા, એટલે તેમણે આઠમ ચૌદશે તો કદી ખાધું જ નહિ એટલું જ નહિ પણ પાણી પીધું નહિ. લીલોતરીમાં તેઓ દરરોજ સંકોચ કરતા અને જેટલી મર્યાદિત લીલોતરી ખાવાની છૂટ રાખી હોય તેમાં પણ સંકોચ કરતા અને સંખ્યા કોઈ કોઇવાર તો બે કે એકપર આવી જતી.

શરીરે કોઇ જાતની વિભૂષા ન કરવી, બહુ મૂલ્યવાન કપડાં ન પહેરવાં અને આંખમાં કાંઈ આંજવું નહિ—આ પદ્ધતિ સ્વીકારી તેઓ તદ્દન સાદાઈથી રહેતા હતા અને સાદાઇનો તેમનો દાખલો લેવા જેવો હતો.

તેઓ રાજખટપટમાં ભાગ લેતા નહિ, કોઇને કાંઈ કહેવું, બીજાને વળી બીજું કહેવું અને પ્રજાને ટળવળતી રાખવામાં તેઓ માનતા નહિ અને જેવી વાત કહેવી હોય અને હકીકત હોય તેવું કહી દેવામાં જ અને સ્પષ્ટ વક્તા થવામાં જ તેઓ માનતા હતા. તે વખતના રાજ અમલદારો કરતાં તેમણે જુદી જ છાપ પાડી હતી, કારણકે તે વખતના અમલદારો છક્કાબાજી રમવામાં જ માનતા હતા અને તેઓની સાચી ઇચ્છા શું છે તે સમજવું મુશ્કેલ હતું, પણ વર્ધમાન તો તદ્દન સીધા અને સરળ હતા. તેઓ પોતાની અંતરંગ ઇચ્છા સ્પષ્ટ શબ્દોમાં બતાવતા અને પોતે રાજદ્વારી પુરુષ હોવા છતાં આવા સીધા અને સરળ રહી શકયા હતા તે તેમના જીવંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાખલાથી જણાઇ આવતું હતું. રાજ્યદ્વારી પુરુષો આવા સ્પષ્ટ વક્તા થઇ શકે છે અને રહી શકે છે એ વાત તેમના દાખલા ઉપરથી સાબીત થતી હતી અને એવા સરળ સ્પષ્ટ વક્તા તરીકે તેમણે નામના કાઢી હતી. આ તેમનો સ્પષ્ટ વક્તાપણાનો ગુણ લોકોને આશ્ચર્ય ઉપજાવતો હતો, કારણકે તે વખતના બીજા રાજપુરુષોમાં આથી ઊલટી જ દશા જોવામાં આવતી હતી.

અને વર્ધમાનની ભાવનાઓ તો ઘણી ઉત્તમ હતી. તેઓ પૌદ્ગલિક પદાર્થો અને સંબંધોનું અસ્થિરપણું વિચારતા હતા અને ખસુસ કરીને તેમનો સામાયિકનો સમય તો આવી આવી અનિત્યાદિ ભાવનામાં જ પસાર થતો હતો અને ભાવનાનું સામ્રાજ્ય એકલા સામાયિક પૂરતું નહોતું પણ રાત્રે સૂતા પછી અને ઊંઘતા પહેલા તેઓ ભાવના ભાવતા અને સવારે જાગૃત થઈ તેઓ ભાવના જ ભાવતા અને સંસારનું અસ્થિરપણું વિચારતા અને આ સર્વ સંગ ક્યારે છૂટે અને પોતે અનેકના તારણહાર ક્યારે થાય તે હકીકત પર જ વિચાર કરવામાં પોતાનો શાંતિનો સમય નિર્ગમન કરતા અને સૂર્યોદય પહેલાં છ ઘડી સુધી તેઓ અનિત્ય કે અશરણ ભાવ અથવા મૈત્રી પ્રમોદ ભાવપર વિચાર કરતા અને પ્રાણીઓને ઉદ્દેશ વિના આમ સંસારમાં રખડતા જોઈ તેમને પારાવાર દુઃખ થતું અને અનેક પ્રાણીઓને આ દુઃખમાંથી કેમ છોડાવવા તે મુદ્દા પર તેઓ વારંવાર વિચાર કરી અનંત કરૂણામાં લીન થઇ જતા. તેઓને હજુ માર્ગ સાંપડ્યો નહોતો, પણ માર્ગમાં તેઓ શોધ કરતા અને તે માર્ગ પ્રાપ્ત કરવાની તમન્ના સેવી રહ્યા હતા અને તેની શોધ કરવાની જરૂરિયાતને તેઓ સ્વીકારી રહ્યા હતા.

તેમની નજરમાં કોઈ ઉચ્ચ વર્ણનો કે વર્ગનો નહોનો અને તેમની નજરમાં કોઇ નીચ નહોતો. તેઓ પ્રત્યેક પ્રાણીના આત્મામાં અનંત શક્તિ ભરેલી છે અને તે આવિર્ભાવ પામેલી નથી એમ જાણતા હતા અને તે અનંત શક્તિ કયા માર્ગે પ્રગટ થઇ શકે તે શોધી રહ્યા હતા. પોતામાં પણ અનંત શક્તિ છે એમ જાણતા હતા અને તેને બહાર લાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા; પણ દરેક વખતે તેમણે પોતે કરેલી પ્રતિજ્ઞા યાદ આવતી હતી. માતપિતા જીવતા દીક્ષા નહિ લઉં. આ પ્રતિજ્ઞા તેઓની પ્રતિજ્ઞા આડે આવી રહી હતી અને તે કારણે તેઓ સંસારમાં રહી રાજ-કારણમાં ભાગ લઇ રહ્યા હતા, પણ તે સર્વ કામો તેઓ ઉદાસીન ભાવે કરતા હતા અને આસક્તિ વગર ઉપર ઉપરથી કરી રહ્યા હતા, તેથી બાહ્ય નજરે તેઓના કાર્યમાં કોઇ કોઈવાર વિચિત્રતા લાગતી, પણ તેઓ અંતરંગથી સર્વ ત્યાગને ઇચ્છી રહ્યા હતા અને તેઓ સર્વ સંગ ક્યારે ત્યાગશે તેની લોકો વાટ જોઇ રહ્યા હતા. આથી નાનપણની સર્વ પ્રકારની રમતોનો તેઓને ત્યાગ હતો એટલે કે કદી કોઈ રમત રમ્યા જ નહિ અને દીઠે રસ્તે રાજ્ય દરબારમાં જવું અને પોતાની ઓફિસને અંગે જે કામ આવી પડે તે કરવું અને બાકીનો સમય સામાયિક કરવામાં અને ભાવના ભાવવામાં પસાર કરવો એ પ્રકારનું એમનું જીવન હતું. કોઈની સાથે નકામી વાતો ન કરવી અને કોઈની સાથે પોતાને સંબંધ ન હોય તેવી વાત કદી નકામી પૂછપરછ કે ચોળાચોળ ન લખવી એ તેમનો નિયમ હતો અને તે નિયમને તેઓ વળગી રહ્યા હતા. આથી તેઓની કોઇ શક્તિનો દુર્વ્યય થતો ન હોવા ઉપરાંત સર્વ શક્તિઓ તેમની જળવાઈ હતી અને જે કામ ભવિષ્યમાં કરી સંગ્રાહિત શક્તિનો ઉપયોગ તેમને કરવાનો હતો તે માટે તેઓ તૈયાર થતા જતા હતા. પ્રાણી પોતાની શક્તિની વાતો કહીને, નકામી પૂછપરછ કરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જપ અને ધ્યાન (૧૪)

દીપચંદ જીવણલાલ શાહ

જપ અને ધ્યાન કરનારે મન વિષે અમુક અંશે જાણવાની જરૂર છે માટે તેણે અમુક અંશે માનસશાસ્ત્રને જાણવાની જરૂર છે.

## માનસિક આરોગ્ય

શારીરિક આરોગ્યની જેમ માનસિક આરોગ્ય આવશ્યક છે. જ્યારે શરીરમાં રહેલા વિવિધ તત્વો સમસ્થિતિમાં હોય છે ત્યારે વ્યક્તિ શારીરિક તંદુરસ્તી અનુભવે છે. તેવી જ રીતે જ્યારે વ્યક્તિ પોતાની રુચિ-અરુચિ, પોતાના આવેગો, પોતાની વૃત્તિઓ અને પોતાના મનોવલણોને સમસ્થિતિ રાખી પોતાનો વિકાસ થાય તેવી રીતે સામાજિક પરિસ્થિતિ સાથે સમાયોજન કરે છે ત્યારે તે વ્યક્તિ માનસિક રીતે તંદુરસ્ત ગણાય છે.

મનોવિજ્ઞાનનું કામ મનનો અભ્યાસ કરવાનું છે. મનોવિજ્ઞાન એ વ્યક્તિના વર્તનના અભ્યાસનું શાસ્ત્ર છે. બ્રિટિશ વૈજ્ઞાનિક મેકડુગલ વ્યક્તિના વર્તન પાછળ બળ તરીકે નીચેની પ્રેરણાઓ વર્ણવે છે. (૧) રચનાત્મક પ્રેરણા, (૨) જિજ્ઞાસા, (૩) સંગ્રહ, (૪) આત્મ પ્રભુત્વ, (૫) લડાયક પ્રેરણા અને (૬) જાતીય પ્રેરણા વગેરે. રચનાત્મક પ્રવૃત્તિથી વ્યક્તિમાં સર્જન શક્તિ ખીલે છે. જીજ્ઞાસા વૃત્તિ વ્યક્તિને જ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. આત્મ પ્રભુત્વની પ્રેરણાને લીધે વ્યક્તિ જવાબદારીનું કામ સારી રીતે કરી શકે છે. લડાયક પ્રેરણાનું અને જાતિય પ્રેરણાનું વ્યક્તિએ ઊર્ધ્વીકરણ કરવાની જરૂર છે.

જ્યારે મનની શાંતિનો ભંગ થાય છે ત્યારે વ્યક્તિ સંવેગોનો અનુભવ કરે છે. સંવેગના પર શારીરિક અને માનસિક તંદુરસ્તીનો મહદ્ અંશે આધાર છે. ચીડિયા સ્વભાવની વ્યક્તિ અપચાનો ભોગ બને છે. પ્રેમ અને આનંદ પાચન શક્તિને મદદ કરે છે અને જીવનને સુખી બનાવે છે. આળસુ મન બૂરા સંવેગોનો ભોગ બને છે. નિર્દોષ મજાક, ટીખળ, રમૂજ હાસ્ય વગેરે દ્વારા વ્યક્તિના સંવેગોની શક્તિને બહાર નીકળવાની તક આપવી જોઈએ.

## માનસિક પૃથક્કરણ

ફ્રોયડને માલુમ પડ્યું કે સ્નાયુ વિકૃતિનું કારણ દબાયેલી (repressed) કામવાસનાઓ છે. જેમનું સ્વપ્નો અને મુક્ત વાર્તાલાપ વગેરેમાં પ્રકાશન થાય છે, તેથી તેણે મુક્ત વાર્તાલાપ અને સ્વપ્નોનું વિશ્લેષણથી દબાયેલી અચેતન કામવાસનાઓને ઉપર લાવવાની (જાણવાની) કોશિષ કરી અને અમુક માનસિક રોગોથી પીડાતા દર્દીઓને તે સાજા કરી શકયો. વળી ફ્રોયડ જણાવે છે કે અમુક ઈચ્છાઓ એવી

---

શ્રી વર્દ્ધમાન-મહાવીર (અનુસંધાન પેજ ૨૮ થી શરૂ)

અને આખા ગામની ચિંતવના કરીને શક્તિ વાપરી નાખે છે તે બાબતમાં વર્દ્ધમાનકુમાર તદ્દન મુક્ત હતા. તેઓએ સર્વ શક્તિનો સંગ્રહ કર્યો હતો અને તેનું કેવું સારૂં પરિણામ આવ્યું હતું એ એમના જીવનથી અને પછવાડે કરેલા કાર્યોથી આપણે જોઈ શકશું. અત્યારે તો એક જ વાત યાદ રાખવાની છે કે વર્દ્ધમાને પોતાની નાની વયમાં શક્તિ ન વેડફી નાખતા તેને એવી સારી રીતે જાળવી રાખી હતી કે આગળ તેનો પોતે સદુપયોગ કરી શકે. આ સદુપયોગ કેવી રીતે થયો તે આપણે હવે પછી જોશું. (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે જેમની તૃપ્તિ પર સમાજનો પ્રતિબંધ હોય છે અને જેમને જાગૃત જીવનમાં તૃપ્ત કરી શકાતી નથી તેથી તેમનું દમન કરવામાં આવે છે અને અમુક સમય પછી તે ઇચ્છાઓ સ્વપ્નો અને સ્નાયુ વિકૃતિઓ દ્વારા (હીસ્ટીરિયા) વગેરેમાં તૃપ્તિ મેળવવાનો યત્ન કરે છે તેથી માનસિક આરોગ્ય ઇચ્છતી વ્યક્તિએ આ દબાયેલી ઇચ્છાઓ જાણવા માટે યત્ન કરવો.

**માનસિક સંઘર્ષ (Mental Conflict)**

જ્યારે બે વિરોધી પ્રેરકો એક સાથે સિદ્ધ થઇ શકે નહિ ત્યારે તે પ્રેરકો વ્યક્તિને જુદી જુદી દિશામાં ખેંચે છે અને જીવનમાં સંઘર્ષ ઉત્પન્ન થાય છે. સંઘર્ષો દુર કરવાની રીતો :– (૧) ક્ષતિપૂર્તિથી દ્વન્દ્વનો અંત લાવી શકાય છે. કોઈ વ્યક્તિનો કામપ્રેરક વિફળ થઈ જાય તો તે ખેલકૂદમાં વિશેષ ધ્યાન આપે છે. (૨) યૌક્તિકીકરણ (Rationalization) કરી પ્રેરકોના દ્વન્દ્વની મુશ્કેલીમાંથી છૂટી શકે છે. દાખલા તરીકે કોઇ વિદ્યાર્થી કોલેજમાં ભણવાની ઇચ્છા ન હોવાથી કોલેજમાં દાખલ ન થયો હોય ત્યારે બીજાઓ તેને તે સંબંધી પૂછે ત્યારે કહે કે પિતાશ્રીની હવે અવસ્થા થઇ છે વળી તેમનાથી કામ થતું નથી. આ પ્રમાણે પોતાની સાચી વાત છૂપાવી બનાવટી વાતથી લોકોને સમજાવે છે.

( ૩ ) જે વ્યક્તિનો અહંકાર વિફળ થયો થઇ ગયો હોય છે ત્યારે તે અન્ય લોકોને દોષિત ઠરાવે છે. દાખલા તરીકે જ્યારે વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થાય છે ત્યારે તે પ્રશ્ન કાઢનારનો દોષ કાઢે છે.

( ૪ ) સંઘર્ષથી બચવા માટે પોતાનો પ્રક્ષેપ કરવો. કોઈ વ્યક્તિ પોતાના મિત્રના ચારિત્ર વિષે શંકા કરતી હોય છે ત્યારે તે પોતાના મિત્રને કહે છે કે લોકો તારી બાબત આ રીતની શંકા કરે છે.

( ૫ ) કઠિનાઇઓનો સામનો કરવામાં પશ્ચાદ્ ગમન ( Regression )ની પ્રતિ ક્રિયાઓ કરે છે દાખલા તરીકે રીસાવું રડવું વગેરે.

( ૬ ) દુઃખદ પેરકને મનથી દૂર કરવાની પ્રતિક્રિયા કરવામાં આવે છે અથવા દબાવવામાં આવે છે.

ઉપરની રીતોથી સંઘર્ષોનો અંત થઈ શકતો નથી, તે ફક્ત તેમનાથી પલાયન કરવાની રીતો છે. દમનમાં વ્યક્તિ વાસ્તવિકતાથી આંખો હટાવી લે છે. માનસિક સ્વાસ્થ્ય માટે દમન હાનિકારક છે માટે દુઃખદ પ્રેરકોનો સામનો કરવો જોઇએ અથવા તેમનું ઊર્ધ્વીકરણ કરવું જોઇએ. જે વ્યક્તિઓ માનસિક સંઘર્ષો અનુભવતી નથી તેઓ કાર્યદક્ષ, સુખી અને સંતોષી નાગરિક બને છે.

વ્યક્તિઓ બે પ્રકારની છે. (૧) અંતર્મુખી, (૨) બહિર્મુખી. (૧) અંતર્મુખી વ્યક્તિનું વર્તન આત્મલક્ષી હોય છે. તેઓ શાંત, એકાંતપ્રિય અને ગૂઢ હોય છે. તેઓ સંવેગશીલ વહેમી અને ઘડીકમાં ખોટું લાગી જાય તેવી હોય છે તેઓ અંતિમ નિર્ણય કરતાં નથી અને સામાજીક કાર્યોમાં ભાગ લેતા નથી. તેમનું મન હંમેશાં અસ્થિર હોય છે. આવા લોકો અમુક અંશે દુઃખી હોય છે. (૨) બહિર્મુખી વ્યક્તિઓ વાતોડીયા, મળતાવડા અને મૈત્રીગ્રાહક અને વ્યવહારૂ હોય છે, તેઓ વહેમી હોતા નથી અને ટીકાને ગણતા નથી; તેમને આત્મ નિરીક્ષણ કરવાની ફુરસદ હોતી નથી. તેઓ સામાજીક કાર્યોમાં ભાગ લે છે અને નિર્ણય જલ્દી કરી શકે છે આવા લોકો અમુક અંશે સુખી હોય છે. માટે વ્યક્તિએ બહિર્મુખી અને સેજ અંતર્મુખી રહેવા યત્ન કરવો જોઇએ.

**સંવેગશીલપણું**

સંવેગશીલપણાવાળી ત્રણ પ્રકારની વ્યક્તિઓ હોય છે. (૧) પ્રફુલ, (૨) ઉદાસ, (૩) ચીડીયા સ્વભાવવાળી. પહેલી જાતની વ્યક્તિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હંમેશા પ્રસન્ન ચિત્ત હોય છે. તેઓ આશાવાદી અને ખુશ મિજાજ રહે છે. આવી વ્યક્તિઓ તેમના જીવનમાં સુખી હોય છે. કેટલી વ્યક્તિઓ બીજા પ્રકારની હોય છે, તેઓ હંમેશાં ઉદાસ અને ખિન્ન મનવાળી હોય છે. તેઓ નિરાશાવાદી હોય છે અને જીવનનો સાચો આનંદ અનુભવી શકતા નથી. કેટલીક વ્યકિતઓ ત્રીજા પ્રકારની હોય છે. તેઓ જરા જરા બાબતમાં ચિડાઈ જાય છે અને દુઃખી બને છે.

વ્યકિતની સંવેગશીલતામાં શારીરિક દશા અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે વ્યકિત અધિક સમય અનિદ્રાવાળી રહી હોય કે અધિક થાકી ગઇ હોય ત્યારે તેનો સ્વાભાવ ચિડીયો થઈ જાય છે. ગંભીર માંદગી પછી વ્યકિત અસ્થિર મનવાળી થઇ જાય છે.

### વ્યક્તિત્વનું સંગઠન

વ્યકિતના વ્યકિતત્વના વિકાસાર્થે અત્યંત કોઈ ચીજ જરૂરી હોય તો તે વ્યકિતના લક્ષણોનું સંગઠન. વ્યકિતના મનમાં વૃત્તિઓ વચ્ચેનું આંતરિક તુમુલ યુદ્ધ ચાલતું હોય તો તેના જીવનમાં શાંતિ કે સુખ હોતા નથી. વ્યકિતના મનમાં અનેક આશાઓ અને અભિલાષાઓ હોય છે. આ આશાઓ એક જ તરફી હોતી નથી પણ તેમાં વિરોધાભાસ હોય છે. આ માનસિક યુદ્ધ ઉગ્ર સ્વરૂપ પકડે છે ત્યારે વ્યક્તિ ઉન્માદી (ગાંડી) બને છે. પાગલ વ્યકિતના મનમાં હંમેશાં ઉગ્ર દ્વન્દ્વો હોય છે.

મનની કોઈ પણ બિમારીના કારણમાં મનની અંદરના જ કલહ કે ઘર્ષણ હોય છે, અને એ કલહ કે ઘર્ષણને અંગે થતી દમન ક્રિયા બિમારીનું કારણ મનાય છે. દમન પામેલી માનસ વૃત્તિઓ દુઃખદ હોય છે અને એવી માનસ વૃત્તિઓની સ્મૃતિ અહંને દુઃખ કરતી હોવાથી તે વૃત્તિઓ વિસ્મૃત બને છે. માનસ બિમારીની બીજી વાત તરંગની હોય છે. દરેક વ્યકિત પાસે પોતાની તરંગી દુનિયા હોય છે અને તે કલહ અને દમનમાંથી રચાતી હોવાથી અહં તેને ખાનગી રાખવાનું પસંદ કરે છે. પરંતુ વિસ્મૃતિમાં કલહની વસ્તુને ભૂલી જવાથી કે તરંગમાં યથેચ્છ વિહાર કરીને ઈચ્છા તૃપ્તિ મેળવવાથી જોઇએ તેવો સંતોષ મળી શકતો નથી. અજાગૃત મનમાં દમન કરેલી અતૃપ્ત ઇચ્છાઓ પડેલી હોય છે તેથી સામાન્ય જીવનમાં તે અતૃપ્ત ઇચ્છાઓ દ્વિધા જીવન જીવવાની ફરજ પાડે છે.

પશ્ચિમના વિજ્ઞાનિકો કહે છે કે દબાયેલી આ ખરાબ મનોવૃત્તિઓના [illegible]ગને લીધે સમજયા વિના વ્યકિત તેમાં તણાયે જાય છે. આ દબાયેલી (દમન કરેલી) ખરાબ મનોવૃત્તિઓ કઈ કઈ છે તે જાણવાની જરૂર છે, અને જણાયા પછી તેમનું ઊર્ધ્વીકરણ કરવાની જરૂર છે. આ વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ કરવું સહેલું નથી તેથી (૧) મૈત્ર્યાદિ ચાર ભાવના અને અનિત્યાદિ બાર ભાવનાની વિચારણા વડે અને (૨) જપ અને ધ્યાન વડે આ ખરાબ મનોવૃત્તિઓ અમુક અંશે નિર્બળ કરી શકાય છે અને મનને સંઘર્ષોમાંથી અમુક અંશે મુક્તિ કરી શકાય છે અને વ્યકિતના માનસિક કોયડાઓ ઓછા કરી શકાય છે.

દરેક વ્યકિતના જીવનના બે પાસા હોય છે: એક સારૂં પાસુ અને બીજુ નરસુ પાસુ. જ્યારે વ્યકિતના મન પર ખરાબ પાસુ કાબુ મેળવે છે ત્યારે વ્યકિત તેના માનસિક કોયડાઓનો ભોગ બને છે અને કોઇ પણ નિર્ણય કરી શકતી નથી; વળી વ્યકિત માનસિક ઘર્ષણને લીધે મુંઝાય છે અને કોઇ વખત ન કરવાનું કરી બેસે છે એટલે કે વ્યકિત આપઘાત કરે છે એક પ્રખ્યાત માનસશાસ્ત્રીએ કહ્યું છે કે તે વખતે મન સાથે ઝગડવું નહિ પણ શાંત રીતે સાક્ષી તરીકે મનના ઝગડા જોયા કરવા. થોડા વખત પછી મન આપમેળે શાંત થશે.

( અનુસંધાન પેજ ૩૨ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લલિતવિસ્તરાકાર અને ચૈત્યવન્દનનાં સૂત્રો

[ લેખાંક ૧ : શ્રી હરિભદ્રસૂરિ ]

( લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

## જૈન સાહિત્યનાં સર્જનાદિ

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ ૪૨ વર્ષની વયે ઈ. સ. પૂર્વે ૫૫૭ માં સર્વજ્ઞ બન્યા બાદ શ્રમણો ( સાધુઓ ), શ્રમણીઓ ( સાધ્વીઓ ), ઉપાસકો ( શ્રાવકો ) અને ઉપાસિકાઓ ( શ્રાવિકાઓ ) એમ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. એ અવસરે એમની પાસેથી તત્ત્વબોધ પામીને એમના મહાપ્રજ્ઞ અગિયાર પટ્ટશિષ્યોએ–ગણધરોએ એકેક દ્વાદશાંગી રચી અને તેમ કરીને જૈન આગમિક સાહિત્યના સર્જનના નવસેરથી શ્રીગણેશ માંડ્યા. તેમ થતાં પૂર્વકાલીન જૈન આગમોનો વ્યવહાર બંધ થયો. આગળ જતાં ઉપર્યુક્ત દ્વાદશાંગીઓમાંથી એક જ પ્રચલિત રહી અને કાલાંતરે તો દિટ્ઠિવાય ( દૃષ્ટિવાદ ) નામનું બારમું અંગ તેમ જ અન્ય અંગોમાંનો કેટલો યે ભાગ કરાળ કાળ સ્વાહા કરી ગયો. તેમ છતાં જૈન સાહિત્યની વિપુલતા, વિવિધતા અને વરેણ્યતાને અંગે જૈન શ્રમણોએ સેવેલા પરિશ્રમનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડે એટલું સાહિત્ય તો આજે પણ ઉપલબ્ધ છે. એ બધું તો શું પરંતુ મહત્ત્વ પૂર્ણ કેટલી યે કૃતિઓ અદ્યાપિ અપ્રકાશિત છે. છતાં જે પ્રકાશિત થઈ છે તે જૈન આચાર, તત્ત્વજ્ઞાન–ન્યાય, યોગ ઇત્યાદિ તેમ જ વ્યાકરણાદિ સાર્વજનીન વિષયોનો બોધ કરાવવા માટે પુષ્કળ સામગ્રી પૂરી પાડે છે. સાથે સાથે જૈન સાહિત્ય પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થાય એવી એની તેજસ્વિતાનું પણ દ્યોતન કરે છે.

ઉપલબ્ધ જૈન સાહિત્યનાં સર્જન, સંવર્ધન અને સંરક્ષણમાં જૈન શ્રમણોનું પ્રદાન મહામૂલ્યશાળી અને જૈન સંઘનાં અન્ય ત્રણ અંગોના કરતાં વિપુલ પ્રમાણમાં છે. આવા પ્રાતઃસ્મરણીય સર્જક અને સંવર્ધક શ્રમણોમાંના એક તે ગુણગ્રાહી હરિભદ્રસૂરિ છે. એ યાકિની મહત્તરાના ધર્મસૂનુના સમય પરત્વે મતભેદ પ્રવર્તે છે પરંતુ એમની અનેક મુખી વિદ્વત્તા માટે તો સૌ કોઇ એકમત છે. વિશેષ આનંદની વાત તો એ છે કે એમની ગુણગ્રાહિકતાથી મંડિત અને મતાંતરોની આલોચનાપૂર્વક સમન્વય સાધનારી શાસ્ત્રવાર્તાસમુચ્ચય નામની કૃતિથી તો અજૈન સાક્ષરો પણ પ્રભાવિત થયા છે. આ સૂરિવર્યની તમામ કૃતિઓ આજે ઉપલબ્ધ નથી. અરે સમગ્ર જૈન સંઘના પઠનપાઠન માટે ઉપયોગી આવસ્સય નામના મૂલ સૂત્ર ઉપર એમણે રચેલી મહાકાયવૃત્તિ લુપ્ત બની છે. સદ્ભાગ્યે નિઃશંકપણે એમણે જ રચેલી કેટલીક કૃતિઓ સચવાઈ રહી છે અને એમાંની ઘણીખરી પ્રકાશિત પણ થઈ છે.

આ વિદ્વદ્રત્ન આચાર્યે સ્વતંત્ર ગ્રંથો રચીને તેમ જ કેટલાક આગમો વગેરે ઉપર વૃત્તિઓ રચીને જૈન સાહિત્યની સમૃદ્ધિમાં નોંધપાત્ર વૃદ્ધિ કરી છે. આ વૃત્તિઓમાં ચૈત્યવંદનને અંગેનાં આઠ સૂત્રો ઉપરની અને

---

જપ અને ધ્યાન ( અનુસંધાન પેજ ૩૧થી ચાલુ )

વળી આ મનના ઝગડાઓ ( કોયડાઓ ) ઓછા કરવા માટે હંમેશા સવારમાં એક સામાયિક કરવી. તે વખતે જપ અથવા પ્રતિમાજીનું ધ્યાન ધરવું અથવા બની શકે તો ધાર્મિક વાંચન કરવું. જપ જેમ તેમ કરવાનો નથી પણ પદ્ધતિસર કરવાનો છે એટલે કે નાડીના એક ધબકારે નવકાર મંત્રનું એક જ પદ ગણવાનું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાંયે "નમુત્થુણ", શક્રસ્તવ ઈત્યાદિ વિવિધ નામે ઓળખાવાતા સૂત્ર ઉપરની પ્રાચીન ન્યાયની પદ્ધતિએ સંસ્કૃતમાં રચાયેલી ૧૨૭૦ શ્લોક જેવડી એમની ટીકા નામે 'લલિત વિસ્તરા' અનેક દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. એમાં આઠે સૂત્રો ક્રમબદ્ધ અપાયાં છે.

### ટિપ્પણો

૧. આ બાબત મેં મારા પુસ્તક નામે શ્રી હરિભદ્રસૂરિ ( પૃ. ૩૩૬-૩૪૬ )માં વિસ્તારથી રજૂ કરી છે. એઓ લગભગ બાર સદીઓ પૂર્વે થઇ ગયા છે એ વાત તો નિર્વિવાદ છે. અહીં એ ઉમેરીશ કે શ્રી હરિભદ્રસૂરિને અંગે મેં તૈયાર કરેલાં શુદ્ધિ પત્રક અને વિવિધ પરિશિષ્ટો છપાવાયાં નથી, જો કે આ પુસ્તક છપાઈ રહેવા આવ્યું ત્યારે એ તૈયાર હતાં.

૨. આને લઇને તો આ સૂરિવર્યનાં જીવન અને કવન અંગે પ્રકાશ પાડવા માટે જૈન તેમજ અજૈન વિદ્વાનો-યુરોપિયનો સુદ્ધાં આકર્ષાયા છે. એની ભાષાદીઠ નોંધ મેં સ્વોપજ્ઞ વ્યાખ્યાદિ સહિત સંપાદિત કરેલી અનેકાન્ત જયપતાકા (ખંડ ૧)ના મારા અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૯-૨૧)માં લીધી છે.

૩. એમણે ખરેખર જ રચેલી અને સંદિગ્ધ ગણાતી તેમ જ નામસામ્યાદિને લઇને એમને નામે ખોટી રીતે ચડાવાયેલી કૃતિઓની નોંધ મેં સ્વોપજ્ઞ વ્યાખ્યાદિ સહિતના અનેકાંત જયપતાકા (ખંડ ૧)ના મારા અંગ્રેજી ઉપોદ્ઘાતમાં ( પૃ. ૨૮-૨૯ )માં લીધી છે જ્યારે એનો પરિચય મેં "શ્રી હરિભદ્રસૂરિ"માં આપ્યો છે. વિશેષમાં સમરાદિત્ય મહાકથા ( ગુર્જરાનુવાદ )ના મારા પુરોવચન ( પૃ. ૧૦-૧૧ )માં હારિભદ્રીય કૃતિ કલાપનું વિષયવાર મેં વર્ગીકરણ કર્યું છે. જોગસયગ ( શ્લોક ૪૯ )ની એમની સ્વોપજ્ઞ ટીકા જોતાં ઉપદેશમાલા એમણે રચી હોય એમ લાગે છે.

૪. જુઓ Descriptive Catalogue of the Government Collections of Manuscripts ( Vol XVII, Pt. 3, PP. 225 & 227 ) "શ્રી દિવ્ય દર્શન સાહિત્ય સમિતિ" તરફથી ઈ. સ. ૧૯૬૩માં જે લલિતવિસ્તરા મુનિચંદ્રસૂરિકૃત પંજિકા તથા એ બંનેના પં. ભાનુવિજયજી ગણિકૃત હિન્દી વિવેચન નામે પ્રકાશ સહિત છપાવાઇ છે તેમાં આ લ. વિ.નો ગ્રન્થાગ્ર ૧૫૪૫નો દર્શાવાયો છે. જિનરત્નકોશ (વિ. ૧, પૃ. ૧૨૫)માં તો ગ્રન્થાગ્ર તરીકે ૪૮૨ નો ઉલ્લેખ છે. એ ભ્રાન્ત જણાય છે.

૫. આ નામ બૌદ્ધ ગ્રન્થ નામે લલિતવિસ્તરનું સ્મરણ કરાવે છે.

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાયેલ છે. પાના ૩૦૪-ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો. બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાધ્યાય

લેખક : શાહ ચતુર્ભુજ જેચંદ

જૈન ધર્મ પરમ આત્મશ્રેયઃ સાધક ધર્મ છે. તેના દરેક વિચાર આચાર તે ધ્યેયને અનુસરીને છે. તેમાં સ્વાધ્યાયનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. સ્વાધ્યાય એટલે આત્માના ધ્યેયને લગતા અધ્યાય, અભ્યાસ ચિંતન મનન છે. તે વાચના, પૃચ્છના, પરાવર્તના. અનુપ્રેક્ષા અને ધર્મકથા એમ પાંચ પ્રકારનો છે. વાચના પૃચ્છના એટલે ધર્મશાસ્ત્રના ગ્રંથોનું વાંચન અને તે બરોબર સમજાય તે માટે ગુરૂમહારાજને પૂછીને તેના અર્થ સમજણની ખાત્રી કરવી તે. પરાવર્તના એટલે ઉપર મુજબ વાંચેલું બરોબર યાદ રહે તે માટે ફરી ફરીને તેનું સ્મરણ કરવું તે. અનુપ્રેક્ષા એટલે ઉપર મુજબ વાંચેલું ગ્રહણ કરેલું તેનું આત્મ હિતાર્થે મનન ચિંતન આત્મનિરીક્ષણ જેને અંગ્રેજીમાં Self Introspection કહે છે તે. ધર્મકથા એટલે ઉપર મુજબ ચિંતન મનન કરી જે જ્ઞાન આત્મસાત કરેલ હોય તેનો બીજાને બોધ આપવો તે. જૈન ધર્મ સ્વપર કલ્યાણ સાધક છે એટલે જેમણે આત્મશ્રેયઃ સાધક જે કાંઈ જ્ઞાન મેળવ્યું હોય તેનો બીજાને પણ બોધ આપવાની જ્ઞાની પુરૂષોની ફરજ છે, અને તે પ્રથમના ચાર પ્રકારના સ્વાધ્યાયનો પરિપાક છે, પણ તે પહેલાં શાસ્ત્રોના વાંચનાદિ દ્વારા જે કાંઈ જ્ઞાન સંપાદિત કરેલ હોય તે ઉપર મનન ચિંતન કરી તે જ્ઞાન જીવનમાં આત્મા સાથે શરીરના રસ રક્ત આદિ ધાતુ માફક ઓતપ્રોત આત્મસાત થવું જોઈએ. ખરી રીતે તેવા પચાવેલા જ્ઞાનના ધારક ધર્મગુરૂઓ અને બીજાઓ ધર્મકથા કહેવાના અધિકારી છે. એ દ્રષ્ટિએ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં અનુપ્રેક્ષાનું મહત્ત્વ ઘણું વધી જાય છે. ધર્મ ગ્રંથોના વાચના પૃચ્છના પરાવર્તનાની બાબત સહેલાઈથી સમજાય તેવી છે. આપણે ત્યાં જે કોઈ ધાર્મિક અભ્યાસ થાય છે તે સામાન્ય રીતે તેટલા પૂરતો થાય છે, અને પ્રતિક્રમણાદિ છ આવશ્યકની ક્રિયા અને પૂજાદિક ક્રિયાકાંડ વિધિવિધાન પૂરતો થાય છે. તેમાં આત્માને લગતા ચિંતન મનન, આત્માની ખોજ, આત્મ નિરીક્ષણ, આત્મ સ્વરૂપની વિચારણા અને આત્મશુદ્ધિ અર્થે જીવન વ્યવહાર શુદ્ધિની વિચારણા વર્તન ભાગ્યે જ હોય છે. તેથી આ લેખમાં સ્વાધ્યાયના પાંચ પ્રકારમાં અનુપ્રેક્ષાને મહત્ત્વનું સ્થાન આપી મુખ્યત્વે તે ઉપર વિચારણા કરી છે.

સ્વાધ્યાયનો ઉદ્દેશ આત્મશ્રેયઃ સાધના છે. તેથી આત્મહિતાર્થે જે કાંઇ ઉપયોગી હોય તેનું ચિંતન મનન કરવુ આવશ્યક છે. આત્મા તેના શુદ્ધ સ્વરૂપે અનંત દર્શન જ્ઞાનનો ધારક છે, ઉપશમ વિવેક સંવરનો ઉપાસક છે અને અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, નિષ્પરિગ્રહત્વ, ક્ષમા, નમ્રતા, સંયમ, તપ વિગેરે ગુણોનો પાલક છે. પણ આ સંસારમાં દરેક જીવાત્મા વધતા ઓછા અંશે આત્માના શુદ્ધ સ્વરૂપને બાધક કર્મજનિત આવરણોથી ઘેરાયેલો ઢંકાયેલો રહે છે. તે કર્મજનિત આવરણો જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના છે. તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર મિથ્યાત્વ મોહજનિત હોય છે. તે ઘાતિ કર્મો કહેવાય છે એટલે જીવને આત્માના શુદ્ધ સ્વરૂપનો, તેના જ્ઞાનાદિક ગુણોનો અને આત્મિક વીર્યબળ શકિતનો પ્રકાશ અને પ્રાપ્તિ થવા દેતા નથી; અને જીવાત્માને સતત સંસાર મોહગ્રસ્ત પુદ્ગલાનંદિ બનાવી આ સંસારમાં સુખ–દુઃખ ભોગવતા અને ભવોભવ ભ્રમણ કરતાં રાખે છે. તે સંસારનો કીડો ભવભ્રમણોના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંતાકાળમાં પ્રાયઃ દુઃખ કવાચિત સુખ ભોગવતો રહી સંસારમાં જ રાચે છે માણે છે. તેને આ સંસારના સુખ દુઃખમાંથી કાયમ માટે મુકત થવાની કે મોક્ષની કોઈ અભિલાષા પ્રગટતી નથી. સંસાર પ્રત્યે કદી તાત્ત્વિક વૈરાગ્ય પેદા થતો નથી. તેઓ વધતા ઓછા અંશે ક્રોધાદિક કષાયો અને રાગ દ્વેષથી સદા વ્યાપ્ત અને હિંસાદિક પ્રવૃત્તિમાં સદા પ્રવૃત્તિશીલ રહે છે. દરેક જીવાત્માની અનંતકાળ ભવભ્રમણ દરમ્યાન આવી મિથ્યાત્વ વાસિત આત્મવિમુખ વિભાવદશા રહે છે. પણ જૈન દર્શનની એક અતિ ઉત્તમ ઉદાર માન્યતા છે કે જીવો અનાદિકાળથી અનંતકાળ મિથ્યાત્વ વાસિત રહેવા છતાં તેઓમાંથી ઘણા ખરા જે ભવ્ય કોટિના હોય છે તેઓને અનંતકાળ ભવભ્રમણ પછી પણ કાળક્રમે સંસાર પ્રત્યે વૈરાગ્યથી ભવભ્રમણનો અંત લાવવાની અને સંસારથી મુકત થઈ આત્માના અનંત જ્ઞાનાદિક ગુણયુકત શાશ્વતા મોક્ષ સુખની અભિલાષા પ્રગટે છે. તેવી તાત્ત્વિક અભિલાષાને જૈન ધર્મમાં સમ્યક્ત્વ અને સમકિત કહે છે. તેવા સમકિતી જીવો પોતાના જીવાત્માને આ સંસારમાં ઝકડી રાખનાર રાગદ્વેષાદિ કષાયોથી મુકત થવા સતત વિચારણા થતી રહે છે. શરીર ઉપરનું મમત્વ ઘટતું જાય છે. તે માટે અહિંસા સંયમ તપનું બનતું પાલન કરે છે, ક્ષમા નમ્રતા સરલતા, નિષ્પરિગ્રહત્વ, બ્રહ્મચર્ય ગુણનો ધારક બને છે, આત્મહિતાર્થે સત્યાસત્યની દ્રષ્ટિએ જ્ઞેય હેય ઉપાદેયનો વિવેક પુરઃસર વિચાર કરી સમ્યક્ જ્ઞાનનો ધારક થાય છે, અને કાળક્રમે પ્રયત્ન વિશેષથી રાગદ્વેષ કષાય આદિ મોહનીય કર્મથી સર્વથા મુકત થઈ અનંત જ્ઞાનાદિ ગુણ યુકત કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને આયુષ્યના અંતે સંસારથી સર્વથા મુકત સિદ્ધ થાય છે. અનુપ્રેક્ષામાં જે આત્મચિંતન આત્મનિરીક્ષણ કરવાનું છે, તેમાં ઉપરની બાબતો ધ્યાનમાં લેવાની છે. મુખ્યત્વે તે પાયાની વિચારણા ઉપર જીવાત્માએ પોતાના જ્ઞાનના ક્ષયોપશમ અને ચારિત્રબળે વિશેષ વિચારણા કરી અંતિમ આત્મશ્રેયઃ પરમ સુખ સાધવાનું છે. એ આત્મકલ્યાણ સાધક સમકિત ગુણનો જ પ્રભાવ છે. સમકિતમાં આત્માના શુદ્ધ સ્વરૂપની અને અંતિમ શાશ્વતા સુખની પ્રાપ્તિ માટે પુરુષાર્થની જ ભાવના અને વિચારણા હોય છે. અનુપ્રેક્ષામાં આજ ભાવના અને વિચારણાને મુખ્ય સ્થાન છે અને તે માટે આત્મ નિરિક્ષણ ચિંતન મનન કરવાના છે.

પણ આ વિષમકાળમાં આ રીતનો સ્વધ્યાય કરનારા ઘણા ઓછા છે તે ખેદ સાથે કહેવું પડે છે. ધર્મને લગતા ક્રિયાકાંડ વિધિ વિધાન અને ઉત્સવોની અતિશયતામાં આત્માને જ ભૂલાયો છે. આત્મ વિચારણા થઈ શકે અને ઉપશમ ભાવ પ્રગટે તે માટે જે પ્રસન્ન શાંત વાતાવરણ જોઈએ તે ધર્મને નામે ચાલતી ધમાલમાં મળતાં નથી. સ્વાધ્યાય પૂર્વક ધર્મધ્યાન માટે જે એકાંત શાંત વાતાવરણ જોઇએ તે સામુદાયિક ક્રિયામાં મળી શકે નહિ. તેથી આયંબિલ અઠ્ઠમ જેવી ઉંચી તપશ્ચર્યા સાથે હાલ સામુદાયિક જાપની મોટી પ્રવૃત્તિ ચાલે છે તેનું ભાગ્યે જ કોઇને ઇષ્ટ ફળ મળે છે. તે જીવન શુદ્ધિ આત્મ શુદ્ધિ આત્મ કલ્યાણ અર્થે થાય છે કે આ લોક પરલોકના ઐહિક સુખ માટે થાય છે એ તો જાપ જપનારના આંતરિક મનોભાવ જાણે. આત્માના શુદ્ધ પરમાર્થ ભાવથી જાપ જપનારા બહુ ઓછાં હોય છે. ઘણા ખરા આ લોક પરલોકના ઐહિક સુખ અથવા મિશ્ર ભાવથી જપનારા હોય છે. જૈન ધર્મની ઘણી ધર્મ ક્રિયાઓ અને તપશ્ચર્યા જીવનવ્યવહાર શુદ્ધિ સાધવા પૂર્વક શુદ્ધ આત્મ ભાવે કરવામાં આવે તો સારી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ કલ્યાણ સાધી શકાય છે. શુદ્ધ ધર્મ ભાવના હોય તો જીવન શુદ્ધિ અને ચારિત્ર-બળ ઘણા વિકસે છે. પણ હાલમાં તે ભાગ્યે જ જોવા મળે છે. જે જોવા મળે છે તે ઘણું કરીને પરમાર્થની સમજણ વગર દેવભકિત નામે થતી ધર્મક્રિયાઓ તથા દોડાદોડીપૂર્વક થતી તીર્થયાત્રાઓ, અને અભ્યંતર તપના મહત્ત્વની સમજણ વગર મોટા પ્રમાણમાં બાહ્યભાવથી થતી તપશ્ચર્યાઓ અને સંસારી પ્રવૃત્તિની હરીફાઈ કરે તેવા મોટા ખરચે થતાં ધાર્મિક ઉત્સવો અને તેની મોટા પાયે થતી જાહેરાતો જોવા મળે છે. લોકોમાં ધર્મ પ્રભાવના માટે અને ધર્મક્રિયા કરનારના માનસિક આનંદ ઉત્સાહ માટે ધાર્મિક ઉત્સવો ઘણા ઉપયોગી છે તે સ્વીકારવું જોઈએ, પણ આત્મ કલ્યાણ અને જીવન શુદ્ધિ સાધના વગર મોટા ખરચે થતાં ઉત્સવો ક્ષણિક આત્મ સંતોષ મળવા સિવાય ભાગ્યે જ કોઈનું ભલું કરે છે. મોટા ભાગના લોકોની હાલની ગરીબાઇ અને હાડમારી દૂર કરવામાં તથા ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન સંપાદન કરાવી તેમને પ્રમાણિક કામ ધંધે લગાડવામાં ઉપયોગ કરવાને બદલે શ્રીમંતોના ઘણા પૈસા બીનજરૂરી રીતે ધાર્મિક ઉત્સવો અને જાહેરાતો પાછળ વેડફાય છે તેમ કહેવામાં અતિશયોકિત નથી. આપણી ઘણી ધાર્મિક ક્રિયા અને તેના ઉત્સવોના મૂળમાં ઘણી ઉંચી ધર્મભાવના હોય છે, પણ તે ઘણુંખરૂં આધ્યાત્મિક ચિંતન મનન અનુપ્રેક્ષા વગર થતાં હોવાથી પરમાર્થ બહુ ઓછો સધાય છે. ધર્મનો મર્મ સમજ્યા વગર તે થતાં હોવાથી આત્મહિત દ્રષ્ટિએ નિષ્ફળતા મળે છે. હાલમાં ધર્મ ક્રિયાકાંડો વિધિવિધાનો અને તેના ઉત્સવોનો પ્રવાહ એટલો જોરદાર છે અને મોટા ભાગે તે માટે જ ધર્મોપદેશ થતો હોવાથી ગમે તેટલું લખવામાં ટીકા કરવામાં આવે તથી કોઈ સુધારો થવાની ભાગ્યે જ આશા રાખી શકાય. છતાં થોડાને પણ આ બાબત સમજાય તે દ્રષ્ટિએ લખેલ છે.

જૈનોમાં ઘણી ધર્મક્રિયાઓ અને વ્રત તપશ્ચર્યા થવા છતાં હાલના આત્મ કલ્યાણ સાધક જીવન વ્યવહાર શુદ્ધિ વગરના અને ગરીબાઈ ઉપરાંત ઘણામાં હીનતા પામરતા ભરેલા જીવનનું કારણ શ્રાવક-શ્રાવિકાઓમાં જૈન ધર્મના ઉંચા તત્ત્વજ્ઞાન અને જીવન શુદ્ધિ સાધક આચારવિચારનો લગભગ અભાવ છે. સામાન્ય રીતે પ્રતિક્રમણાદિ સૂત્રોથી વધારે અભ્યાસ કરનારા ઘણા ઓછા છે. જીવવિચાર, નવતત્ત્વ, કર્મગ્રંથોનો કોઈ કોઈ અભ્યાસ કરે તે ઉપર ચોટીયો હોય છે. તેથી જીવાદિ તત્ત્વો અને કર્મશાસ્ત્રનો અભ્યાસ, જીવનસ્પર્શી, જીવન સંશોધક, જીવન શુદ્ધિ સાધક થતો નથી અને વિવિધ ધર્મક્રિયાઓ અને બાહ્ય તપશ્ચર્યાથી આગળ વધતો નથી. કર્મનિર્જરા અને જીવન શુદ્ધિ માટે મુખ્ય ગણાતા અભ્યંતર તપના મહત્ત્વની સમજણ બહુ થોડાને છે. તે સાથે છેલ્લા વીસેક વર્ષમાં જેઓ મોટા ભાગે કાળાધોળા કરી, કરચોરી દાણચોરી કરી, દુષ્કાળની અછતના લાભ લઈ ગમેતેમ પૈસા કમાઇ ઘણા શ્રીમંતો થયા છે, તેઓનું જીવન ઘણું ન્યાયનીતિ હીન, પૈસા, સ્વાર્થ માટે કુડકપટથી ભરેલું, રાગદ્વેષ માનપાનથી રંગાએલું હોય છે તેવા હાલના નવા શ્રીમંતોના પૈસાના જોરે મોટા પ્રમાણમાં ધર્મક્રિયાઓ, પ્રતિષ્ઠાઓ, તીર્થયાત્રાઓ થાય છે અને ધાર્મિક ઉત્સવો ઉજવાય છે, તે પ્રતિષ્ઠાદિક ધર્મક્રિયાઓ અને તપશ્ચર્યાના ઉત્સવો પાછળ મોટા ભાગનો ઉદ્દેશ પોતે કરેલા પાપકર્મો ધોવાનો અને મોટા પુણ્યની કમાણી કરી આલોક પરલોકમાં ભૌતિક સુખ વૈભવ ઋદ્ધિ સિદ્ધિ મેળવવાનો હોય છે. આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવૃત્તિ અને માન્યતાને ઘણા ધર્મગુરૂઓ તરફથી ઉત્તેજન પોષણ મળે છે, અને આવા ધાર્મિક સમારંભોની ધર્મના નામે માનપાન પ્રચાર અર્થે ઘણી જાહેરાતો થાય છે અને છાપાઓમાં જાહેર ખબરના ભાવે તેના લાંબા રીપોર્ટો પ્રસિદ્ધ થાય છે. આ વર્તમાન સ્થિતિ સૌ કોઇ જોઇ શકે તેવી છે. પણ તેમાં ધર્મના નામે ઘણું ઘણું થવા છતાં આત્માને જ ભૂલાય છે, આધ્યાત્મિક દ્રષ્ટિએ આગળ વધાતું નથી અને ધર્મના નામે લૌકિક લોકોત્તર મિથ્યાત્વ પોષાય છે. બધી ધર્મક્રિયાઓ, તપશ્ચર્યાઓ, ઉત્સવો જીવનશુદ્ધિ આત્મશુદ્ધિ અર્થે છે. તેનો હાલમાં ચાલતી ધમાલીયા ધર્મપ્રવૃત્તિમાં ખ્યાલ જ આવતો નથી. કારણ તે કોઈ ધાર્મિક પ્રવૃત્તિ પાછળ આધ્યાત્મિક ચિંતન મનન ભાગ્યે જ હોય છે, ઉપશમ વિવેક સંવરની ભાવના ભાગ્યે જ કેળવાય છે અને તેના પરિણામે ક્ષમાદિ દશવિધ ગુણના-ધારક કોઇક જ થાય છે. તેમ છતાં કાંઇ નહિ કરવા કરતાં બાહ્યભાવે થતી આવશ્યક ધર્મ-ક્રિયા અને વ્રત તપશ્ચર્યા અને કોઇ પ્રસંગે ધાર્મિક ઉત્સવો પણ ઉપયોગી છે.

થોડી કે વધુ ધાર્મિક ક્રિયા, વ્રત તપશ્ચર્યા વિગેરે ધાર્મિક પ્રવૃત્તિ અનુપ્રેક્ષા, આત્મ ચિંતન મનનપૂર્વક થાય તો આધ્યાત્મિક વિકાસ, જીવનશુદ્ધિ સાધક ગુણો ધીમે ધીમે પણ જરૂર પ્રાપ્ત થાય છે અને છેવટ પરમ આત્મકલ્યાણ સધાય છે. તે માટે જીવાદિ તત્ત્વો અને કર્મશાસ્ત્રનો અભ્યાસ શ્રાવક શ્રાવિકાઓમાં જેમ બને તેમ વધારે થાય તેમ દરેક પ્રયાસ યોજના, ગમે તે ખરચે, ગમે તે ભોગે, ખરચાળ ધાર્મિક ક્રિયા ઉત્સવોને ગૌણ સ્થાન આપીને પણ કરવાની જરૂર છે છ આવશ્યક સિવાયની બીજી ક્રિયાઓ, વિધિ વિધાનો અને ઉત્સવો ઉપર વધારે ભાર આપવાને બદલે આપણો જૈન ધર્મ વિષે તાત્ત્વિક જ્ઞાનદશા કેમ સુધરે, જીવન વ્યવહાર શુદ્ધિ કેમ સધાય તે ઉપર વધારે લક્ષ્ય આપવાની જરૂર છે જૈન ધર્મના અહિંસાદિ વ્રતોના, ક્ષમાદિક ગુણોના અનિત્યાદિ અને મૈત્રી આદિ ભાવનાના, દાનાદિક ધર્મના જ્ઞાનનો જેમ વધારે પ્રચાર થાય તેમ સૌ જીવોને માટે કલ્યાણકારી છે. સ્વાધ્યાય માટે શ્રાવકના કર્તવ્યો સમજવા. મન્હ જિણાણં સૂત્ર સજ્ઝાયની પાંચ ગાથાઓ ઘણી ઉપયોગી છે. તેમાં જિનેશ્વર ભગવંતની આજ્ઞાના પાલન અને મિથ્યાત્વના ત્યાગ પૂર્વક સમકિત ધારણ કરી શ્રાવકે કરવાના દરેક ધાર્મિક કર્તવ્યોનું બહુ સુંદર વર્ણન છે. મોટા મોટા શાસ્ત્રોનો અભ્યાસ કરી શકે નહિ તેઓ મન્હ જિણાણં સજ્ઝાય સૂત્ર કંઠસ્થ કરી તેમાં વર્ણવેલ ધાર્મિક કર્તવ્યોનું નિત્ય ચિંતન મનન કરે અને તેનું યથાશકિત પાલન કરે તે સારા પ્રમાણમાં જીવનશુદ્ધિ, આત્મશુદ્ધિ, આધ્યાત્મિક વિકાસ સાધી શકશે અને તેના સ્વાધ્યાય પરમ આત્મશ્રેયઃ સાધક થશે.

## સમાચાર

**જન્મદિન**—આપણી સભાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠના પોષ વદી ૦))ને સોમવારના રોજ બ્યાશીમાં જન્મદિન પ્રસંગે આપણી સભા ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો તેમજ મિત્રવર્ગ તરફથી હારતોરા એનાયત કરી તંદુરસ્ત ભરી દીર્ઘાયુ ઇચ્છવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

શેઠ ચંદુલાલ સુરજમલનો સ્વર્ગવાસ—સદ્‌ગત વર્ષોથી આપની સભામાં વર્ષોથી લાઈફમેમ્બર હતા. રહેવાશી પાટણ ( ઉત્તર ગુજરાત ) પરંતુ વર્ષો સુધી ભાવનગરમાં નિવાસ હતો અને રાધનપુરી બજારમાં વોરા ઓતમચંદ માણેકચંદની શરાફી પેઢીના માલીક હતા કર્મગતિને લીધે સમય પલ્ટો થતાં છેલ્લા તેરેક (૧૩) વર્ષથી મુંબઈમાં વસવાટ કરતા હતા છેલ્લા ત્રણ વરસથી નિવૃત્તિમય જીવન હતું આખર સમયે ૭૧ મું વર્ષ ચાલતું હતું જૈન ધર્મ પ્રત્યે ઘણી જ શ્રદ્ધા હતી નવકાર મહામંત્ર પ્રત્યે ઘણો જ પ્રેમ હતો આખો દિવસ તેનું રટણ હતું. ચોવીહાર કરતા. જીવન દરમ્યાન નાની મોટી જાત્રાઓ કરેલ હતી, સ્વભાવે મળતાવડા, દીલના ભોળા આખર સમયે છેક સુધી શુદ્ધિમાં અને નવકાર મહામંત્ર સાંભળતાં જીવનલીલા સંકેલી લીધી.

પર્યુષણ પર્વમાં વાંચવાલાયક ગ્રંથ

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (વિભાગ પહેલો)

( અધ્યયન ૧૫ )

[ મૂળ સંસ્કૃત છાયાનુવાદ ગુર્જરભાષાનુવાદ અને કથા સહિત ]

ભગવંત મહાવીરની અંતિમ દેશનાના ફળસ્વરૂપ આ ગ્રંથની ઉપયોગિતા માટે કહેવાનું જ શું હોય! વૈરાગ્ય તેમ જ વિજ્ઞાનથી ભરપૂર આ ગ્રંથ અવશ્ય વાંચવા યોગ્ય છે. કેટલાય સમયથી આ ગ્રંથની નકલ મળતી નહોતી. હાલમાં જ પ્રતાકારે ઉંચા લેઝર પેપર ઉપર છપાવવામાં આવેલ છે. પૂ. સાધુ–સાધ્વીજીએ નકલો ઓછી હોવાથી તરત જ મંગાવી લેવા કૃપા કરવી. પ્રતાકારે પૃષ્ઠ ૬૦૦ મૂલ્ય રૂપિયા દસ પોસ્ટેજ અલગ.

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

## જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર-પર્વ ૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

* કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
* બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ૪ ( પોસ્ટેજ અલગ )

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only